

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સપનાં હોય છે ઢંઢેરા, પ્રતિબંધ મૂકી દો !*
*રાંક-લાચાર-સંહિતા પર, પ્રતિબંધ મૂકી દો !*
*બોલે એલફેલ આ અભણ, અસંસ્કારી નેતાઓ-*
*ને અશિક્ષિત સ્પર્ધકો પર પ્રતિબંધ મૂકી દો !*

હાઈકુ

*લોકશાહીને*
*નબળા આદેશોથી -*
*લાગે છે લાંછન...*

*લોકશાહીનાં*
*બેઅસર કાયદા-*
*ઉતારે વસ્ત્રો...*

### ચિંતન

**મા પ્રગામ પથો વયં મા યજ્ઞાદિન્દ્ર સોમિનઃ । માન્ત સ્થુર્નો અરાતયઃ ॥**

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવ્યો છે.**

**ધનથી મોટેભાગે લોકોમાં પ્રમાદ આવી જાય છે અને તેનાથી લોકો કુમાર્ગગામી બની જાય છે. એટલે ધન તો મેળવો, પરંતુ તેનાથી અભિમાની બનવાના બદલે દાનવીર બનો.**

**લોકો સન્માનર્ગે ચાલે ત્યારેસમાજની પ્રગતિ થાય છે. અસત માર્ગ હંમેશાં વિનાશનું કારણ બને છે. સન્માર્ગ અપનાવવાથી સમાજમાં નૈતિકતા, પવિત્રતા અને શુદ્ધતા આવે છે. સમાજમાં જો અપવિત્રતા અને અનૈતિકતા હશે તો તે દરેક માણસ સુધી પહોંચીને તેનામાં દોષો પેદા કરશે.**

**દરેક મનુષ્યે નુકસાન કરનાર કે દુઃખ આપનાર પાપકર્મોથી પોતાની જાતને બચાવવી જોઈએ અને ધર્મપાલન તથા સંયમના સરળ અને લાભદાયક માર્ગે જ આગળ વધવું જોઈએ.**

**બધું જ પરમાત્માનું છે. આપણે માત્ર એના ચાકર છીએ. તેણે જે કાર્ય માટે આપણી પસંદગી કરી છે તે કાર્ય પૂરા મનોયોગ સાથે કરવું જોઈએ. આપણને જે કંઈ આપ્યું છે તે બધું પરમાત્માનું જ છે. આપણે એ ધનને આપણું માનવાની ભૂલ કરીએ છીએ ત્યારે મનમાં અહંકાર આવી જાય છે. તે હકીકતમાં આપણી કદૂતા જ પ્રગટ કરે છે.**

### સુવિચાર

- રુક કર મૈંને જબ ભી જિંદગી કો દેખા હૈ, બસ દર્દ હે ઔર બાકી સબ એક ધોખા હૈ - **યુસુફ પટેલ**
- તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે, તો સદગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે. - **રત્નસુંદરવિજયજી**
- દૃઢ ઈચ્છાથી નીપજેલું કાર્ય સુંદર હોય છે. - **જ્હોન રસ્કિન**
- બુદ્ધિશાળી વ્યક્તિ તેના અહંકારથી મૂર્ખ સાબિત થાય છે અને શ્રીમંત વ્યક્તિ તેના અહંકારથી માનવતાની દૃષ્ટિએ ગરીબ સાબિત થાય છે. - **રોહિત પટેલ**
- ફિલોસોફરનું પ્રથમ કર્તવ્ય તો પોતાના અહંકારને તિલાંજલી આપવાનું હોવું જોઈએ - **ઓશો**
- મેં મનના અવાજને મારા આત્માનો અવાજ માની લીધો અને મારા જીવનની ક્ષુદ્રતાનો અનુભવ થયો. - **સંત ફ્રાન્સિસ**
- આજનું ઔષધ : પચાસ ગ્રામ ગોળ અને દસ નંગ કાળા મરી વાટી એનો ઉકાળો બનાવી પીવાથી શરદીમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત વૃદ્ધ થયા એટલે લાયક વારસદારની શોધાં હતા. એમના જે શિષ્યો હતા તેમાંથી એક યોગ્ય શિષ્યને જવાબદારી આપવા ઈચ્છતા હતા. તેમણે શિષ્યોની પરીક્ષા લેવાનું વિચાર્યું.

તમામ શિષ્યોને કહ્યું, આપણા આશ્રમની પાછળ જે કાંટાની વાડ છે તેની જગ્યાએ દીવાલ બનાવવી. શિષ્યો ઉત્સાહભેર દીવાલ બનાવવામાં લાગી પડ્યા. દીવાલ બનીને તૈયાર થઈ ગઈ ત્યારે સંતે તેને તોડવાનો આદેશ આપ્યો. દીવાલને તોડી પડાઈ ત્યારે સંતે દીવાલફરીથી બનાવવા કહ્યું. દીવાલ ફરીથી બની તો સંતે તેને ફરીથી તોડાવી નાખી.

આ સિલસિલો ચાલુ રહ્યો અને શિષ્યો કંટાળીને આ કામથી દૂરરહેવા લાગ્યા. પરંતુ એક શિષ્ય સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક દીવાલ બનાવવાનું કામ કરતો રહ્યો. તે સહેજ પણ અકળાયો નહીં. સંતે તેની પાસે જઈને પૂછ્યું, તારા બધા જ મિત્રો આ દીવાલનું કામ છોડીને ભાગી ગયા છે અને તું હજી આ કામમાં વળગેલો છે ? શિષ્યે જવાબમાં કહ્યું, ગુરુજીની આજ્ઞા છે તો હું શું કામ પાછો પડું ? જ્યાં સુધી આપ ના ન કહો ત્યાં સુધી હું દીવાલનું કામ કરતો રહીશ.

સંત પ્રસન્ન થયા અને એ શિષ્યને વારસદાર જાહેર કરતાં કહ્યું, સંસારમાં મોટાભાગના ઊંચી આકાંક્ષાઓ રાખે છે અને સાથે સર્વોચ્ચ પદ પર પહોંચવા માગે છે. પરંતુ તેઓ એ નથી જાણતા કે તેના માટે પાત્રતા પણ જરૂરી હોય છે. તેઓ પાત્રતા મેળવવાનો પ્રયાસ નથી કરતા અથવા થોડો પ્રયાસ કરી પીછેહઠ કરી જાય છે. કંઈપણ હાંસલ કરવા માટે માત્ર ઈચ્છા અને પરિશ્રમ જ નહીં, દૃઢતા પણ જરૂરી છે.

# રાજકીય વૈમનસ્ય ચરમસીમાએ

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણીને આપણે ભલે લોકશાહીનું મહાન પર્વ કહેતા ફરીએ પરંતુ સત્તા ટકાવી રાખવા માગતા અને સત્તા હસ્તગત કરવા માગતા રાજકીય નેતાઓ માટે તોએ મહાભારતનું યુદ્ધ જ છે. દ્વાપર યુગમાં થયેલ મહાભારતના સંગ્રામમાં અલબત્ત કેટલાંક પ્રસ્થાપિત નૈતિક મૂલ્યોનું પાલન કરવામાં આવતું હતું. કળયગુ, ગાંધીયુગ કે મોદીયુગમાં એવાં મૂલ્યોને કોઈ જ સ્થાન નથી રહ્યું. મહાત્મા ગાંધીએ 'હિંદ સ્વરાજ' લખતાં અત્યંત સભાનતાપૂર્વક પાર્લામેન્ટને વેશ્યા કહી હતી અને પાછળથી એક પ્રગલ્ભ પત્રકારના આગ્રહને માન આપી એ શબ્દ બદલ્યો હતો. જોકે આજે પાર્લામેન્ટરી ડેમોક્રેસીના નામે જે ખેલ ખેલાતા જોઈએ છીએ તે પરથી તો મહાત્મા ગાંધીએ ખોટી ઉપમા નહોતી આપી એમ જ લાગે. કોંગ્રેસ મૂળે તો પ્રબુદ્ધ નાગરિકો દ્વારા બ્રિટીશ સરકારને દેશી પ્રજાના પ્રશ્નો અને પીડા તથા આકાંક્ષાઓથી વાકેફ કરવા રચાયેલું નાગરિક મંડળ હતું. કાળક્રમે એને ગોખલે, ટિળક અને ગાંધી જેવા નેતાઓ સાંપડ્યા જેમણે આઝાદી માટેની લડતને આખરે પરિણામ સુધી પહોંચાડી. આજની શાસક મંડળીના ભીષ્મપિતામહ ડૉ. કેશવ બલી હેડગેવાર પણ થોડો સમય કોંગ્રેસના કાર્યકર રહ્યા હતા પરંતુ પછી એમને બ્રિટિશ શાસન સામે ઝીંક ઝીલવા કરતાં હિંદુ રાષ્ટ્રની રમણીય કલ્પનામાં ખોવાઈ જવાનો વિકલ્પ વધુ સારો લાગ્યો હતો. કમનસીબે કોંગ્રેસને એક સમૃદ્ધ પરિવાર પ્રત્યે એવો વ્યામોહ જાગ્યો કે છેક ગ્રાસરૂટ લેવલે પહોંચેલી પાર્ટી એ પરિવારની અંગત અસ્કામત બનીને રહી ગઈ. અટલબિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી કે નરેન્દ્ર મોદી તરફ પ્રજાને આકર્ષણ થવાનું મુખ્ય કારણ તો કોંગ્રેસનો આ પરિવારવાદ જ હતો.

અટલજી પરિવારવાદ વિશે તીખા કટાક્ષ જરૂર કરતા પરંતુ એમાં વૈમનસ્યનો છાંટો પણ નહોતો. મોદીની વાણી વૈમનસ્યના વિષકુંભ જેવી છે. મહેરુ-ઈંદિરા પછી હવે એ નામદાર રાજવંશના સોહામણા પ્રતિનિધિ રાજીવ ગાંધી પાછળ ખાઈ-ખપૂચીને મંડી પડ્યા છે. રાજીવ ગાંધીને ઈંદિરા ગાંધીના અવસાન પછી વડાપ્રધાનપદે બેસાડ્યા એ કોંગ્રેસની હિમાલય જેવડી ભૂલ હતી એમાં શંકાને સ્થાન ન હોઈ શકે. પરંતુ રાજીવને ભ્રષ્ટાચારી નંબર વન તરીકે મર્યા એમ કહી ભાંડવાથી મોદી પોતે બહુ જ વામણા લાગે છે. અદાલતે બોફોર્સ કાંડમાં ગાંધી પરિવારની સીધી સંડોવણી હોવા છતાં પુરાવાને અભાવે રાજીવ ગાંધીને મૃત્યુનાં ઘણાં વર્ષો પછી નિર્દોષ જાહેર કર્યા હતા. વિપક્ષોએ શહીદ વડાપ્રધાન સામે આવા આક્ષેપ સામે સામુહિક બળાપો વ્યક્ત કર્યો છે. પરંતુ મોદી એક વાર જેનો પીછો પકડે એને છોડવાનું શીખ્યા નથી. એ વૃશ્ચિક રાશિના જાતક છે એટલે બરાબર ઝેર ચડાવીને ડંખ મારે છે. રાજીવ ગાંધીએ પોતાના પરિવાર અને સાસરિયાં સાથે નૌકાદળના યુદ્ધજહાજમાં પ્રવાસ કરી દરિયાઈ ટાપુ પર રજાઓ ગાળેલી એ મુદ્દો ઉછાળી એમણે ગાંધી પરિવાર કે જેને તેઓ નામદાર કહે છે એને પ્રજા સમક્ષ ઉતારી પાડવાનો પ્રયાસ કર્યો છે. રાહુલ કે પ્રિયંકા આ યુદ્ધજહાજવાળી વાત નકારી શકે એમ નથી, પરંતુ સામે એટલું જરૂર કહી શકાય કે વડાપ્રધાનને આપણા બંધારણમાં જે અમર્યાદ સત્તાઓ મળેલી છે એની જ ફલશ્રુતિ મોદીના અસંખ્ય અને મોંઘાદાટ વિદેશપ્રવાસો પણ છે. વડાપ્રધાન માટે ઍરફોર્સ, નેવી અને આર્મી - ચોવીસે કલાક સેવા આપવા તત્પર રહે છે. ઈંડિયન ઍરફોર્સના વિમાનમાં પ્રવાસ કરનારા વડાપ્રધાન યુદ્ધજહાજમાં પ્રવાસ કરનારા પૂર્વ

# અશોકની આઠમે બન્યુ એવું કે.....



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



ચૈત્ર સુદ આઠમનો દિવસ હતો.

ઘટાદાર અશોકવૃક્ષને લાલચટક પુષ્પો આવ્યાં હતાં. અશોકવાટિકામાં આ વૃક્ષનું વિશેષ મહત્ત્વ હતું. એમાં નીચે સીતા હતી. ફરતી પહેરગીર રાક્ષસીઓ હતી.

એકવાર એની સૌથી ઊંચીડાળ ઉપર હનુમાન બેસી ગયા. રામનો સંદેશો આપવો હતો. હવે રાક્ષસીઓ થોડે દૂર હતી અને તેઓ ઘસઘસાટ સૂઈ ગઈ હતી. હનુમાન માટે અનુકૂળતા ઊભી થઈ. તેઓ કોયલ જેવા કોમળ મધુર સ્વરે ગાવા લાગ્યા. રામનો જન્મ, સીતાવિવાહ, વનવાસ, રાવણ દ્વારા અપહરણ, રામ-લક્ષ્મણની સીતાશોધ, સુગ્રીવમિલન... આ સુગ્રીવનો હું મંત્રી છું, સમુદ્ર પાર કરીને આવ્યો છે.

સીતાએ ઉપર જોયું. એને આશ્ચર્ય અને આનંદ થયાં. રામની પ્રશંસા સાંભળવા મળી. વિગતો પણ સાવ સાચી. પણ આ તો નાનકડો વાનર હતો. હવે બીક લાગી. પરંતુ એની આંખમાં તો દયા અને સહાનુભૂતિ હતાં. બીક તો જતી રહી. પણ ભ્રમણા થઈ, આ સ્વપ્ન તો નથી ને ?

હનુમાન નીચે ઊતર્યા. થોડે દૂર પ્રણામ કરીને ઊભા રહ્યા. પછી વિનયપૂર્વક પૂછીને ખાતરી કરી લીધી કે આ રામનાં પત્ની સીતા જ છે. પછી પોતાનો પરિચય આપ્યો, હું પવનપુત્ર હનુમાન છું. એમની આજ્ઞાથી જ આવ્યો છું. હવે એ થોડા નજીક આવ્યા. એટલે સીતાને સંશય થયો, તું રાવણ તો નથી ને ? પહેલાં સાધુ થઈને આવ્યો, હવે વાનર થઈને.... પછી તરત કહ્યું, તારી હાજરીથી મને પ્રસન્નતા છે. તું રાવણ તો નથી જ.

હનુમાને બધી વિગતો આપી, રામ અને લક્ષ્મણ તમારી શોધમાં હતા. રામ ખૂબ વિલાપ કરતા હતા. એ વાનરરાજ સુગ્રીવને મળ્યા. જટાયુ પાસેથી સમાચાર મળ્યા હતા. તમને રાવણ લઈ જતો હતો ત્યારે તમે પર્વતના શિખર ઉપર ચાર વાનરો જોયા, તેમાં હું હતો.

સીતાને હવે ખરેખર આનંદ થયો. હનુમાને હવે એને વીંટી આપી. એના ઉપર રામનું નામ હતું. સીતાને જાણે કે રામ પોતે મળ્યા હોય તેવો આનંદ થયો. એણે કહ્યું, એમને કહેજો. એક મહિનામાં જ મને છોડાવી જાય. હનુમાને કહ્યું, હું તમને ખભે બેસાડીને લઈ જાઉં ? સીતાને ખાતરી થાય એટલે એમણે પોતાનું કદ વિરાટ કરી બતાવ્યું. પરંતુ સીતાએ ના પાડી. 'રામ પોતે આવે, રાવણને હરાવે અને મને લઈ જાય એમાં એમનું આત્મસન્માન જળવાય. રાવણે મને બે માસની અવધિ આપી છે, એ કોઈનું સાંભળતો નથી.'

હવે હનુમાનનો વિદાય લેવી હતી. એણે સીતાને વિનંતી કરી, રામને ખાતરી થાય એટલે મને કોઈ તમારી એંધાણી આપો અને સંદેશો કહો. સીતાએ હનુમાનને મોતી આપ્યું. ત્રણ એકદમ અંતરંગ પ્રસંગો કહ્યા અને રામને પ્રણામ તેમજ પોતાના દીકરા જેવા લક્ષ્મણને આશીર્વાદ કહ્યા.

હનુમાને સીતાની પ્રદક્ષિણા કરી, પ્રણામ કર્યા અને વિદાય લીધી.

ચૈત્ર સુદ આઠમે આ પ્રસંગ બન્યો, એવી પરંપરા છે. આ મેળાપ અશોકવૃક્ષની નીચે થયો એટલે આ આઠમ અશોકાષ્ટમી છે. આજે પણ કોઈ વિવાહિત સ્ત્રી અશોકવૃક્ષની નીચે સીતા અથવા હનુમાનની પ્રતિમા અથવા છબી રાખીને પૂજા કરે તો એનું સૌભાગ્ય અખંડિત રહે તેવી માન્યતા છે. આ દિવસે કોઈપણ વ્યક્તિ અશોકનાં પાંદડાનો રસ પીવે તો તે શુભ મનાય છે, શોક દૂર થાય છે.

# 'ઠોઠ નિશાળીયો' કોનું ઉપનામ છે ?



ખજાનો
અનિલ પટેલ

## ભારતનો સાંસ્કૃતિક વારસો

૧ અજંતાની ગુફાઓ કઈ નદીના કિનારે આવેલી છે ?
(અ) અંબિકા (બ) ઓરસંગ
**(ક) વાઘેરા** (ડ) કૃષ્ણા

૨ રાજતરંગિણી ગ્રંથ કેવા પ્રકારનો પ્રથમ ઐતિહાસિક ગ્રંથ છે ?
**(અ) ઐતિહાસિક ગ્રંથ** (બ) નાટ્યગ્રંથ
(ક) ધાર્મિક ગ્રંથ (ડ) પ્રવાસગ્રંથ

૩ સંગીત સમ્રાટ તાનસેનના ગુરુનું નામ શું હતું ?
(અ) સમર્થ રામદાસ **(બ) હરિદાસ**
(ક) શિવહરી દાસ (ડ) તુલસીચરણ દાસ

૪ કયું નૃત્ય માત્ર પુરુષ કલાકારો દ્વારા જ થાય છે ?
(અ) ભારતનાટ્યમ (બ) ધમાલ
**(ક) કથકલી** (ડ) ભાંગડા

૫ રોનુ મજમુદારનું નામ કયા વાદ્ય સાથે સંકળાયેલું છે ?
**(અ) વાંસળી** (બ) તબલાં
(ક) ગીટાર (ડ) બેન્ઝો

૬ ભારતનું સૌથી પ્રાચીન વાદ્ય કયું છે ?
(અ) એકતારો (બ) સંતૂર
(ક) રાવણહથ્થો **(ડ) વીણા**

૭ રાવણના પુત્ર ઈન્દ્રજિતની પત્નીનું નામ શું હતું ?
(અ) સુલોચના (બ) સુનંદા
(ક) સુરભિ (ડ) સુરેખા

૮ તોતા-એ-હિન્દ તરીકે કોણ ઓળખાય છે ?
(અ) બૈજુ બાવરા **(બ) અમીર ખુશરો**
(ક) તાનસેન (ડ) નિઝામુદીન

૯ એલિફન્ટ ફેસ્ટિવલ (હાથી ઉત્સવ) ક્યાં ઉજવાય છે ?
**(અ) જયપુર** (બ) બાંસવાડા
(ક) જેસલમેર (ડ) ઉદયપુર

૧૦ બિરજુ મહારાજનું નામ કયા નૃત્ય સાથે સંકળાયેલું છે ?
**(અ) કથક** (બ) ભરતનાટ્યમ
(ક) ભાંગડા (ડ) રાજસ્થાની નૃત્ય

૧૧ 'તેરા તાલી' કયા રાજ્યનું લોકનૃત્ય છે ?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) મિઝોરમ **(ડ) રાજસ્થાન**

૧૨ દેવધર સ્કૂલ ઓફ ઈન્ડિયન મ્યુઝિક ક્યાં આવેલી છે ?
**(અ) મુંબઈ** (બ) કોલકાતા
(ક) હૈદરાબાદ (ડ) લખનૌ

૧૩ કયા કહેવારમાં મહારાષ્ટ્રમાં ઘેર ઘેર ધજાઓ રોપવામાં આવે છે ?
(અ) ગણપતિ ઉત્સવ **(બ) ગુડી પડવો**
(ક) નવરાત્રી (ડ) રથયાત્રા

૧૪ લક્ષ્મીનાથ બેઝલરુઆ કઈ ભાષાના મહાકવિ છે ?
(અ) ઉર્દૂ (બ) અસમિયા
(ક) કન્નડ (ડ) મરાઠી

૧૫ કાલબેલીયા કયા રાજ્યનું લોકનૃત્ય છે ?
(અ) ઓડીસા **(બ) રાજસ્થાન**
(ક) મહારાષ્ટ્ર (ડ) હરિયાણા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૦ મે :**
  - વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીનું નિધન-૧૮૯૮
  - એપોલો-૧૦ એ પ્રથમ વખત અંતરીક્ષમાંથી રંગીન તસવીર મોકલી - ૧૯૬૯
  - હરિયાણાની સંતોષ યાદવે બીજી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો
  - નેલ્શન મંડેલા દક્ષિણ આફ્રિકાના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા - ૧૯૯૪
- **૧૧ મે :**
  - ભારતે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું - ૧૯૯૮
  - રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે સોમનાથ મંદિરના જિર્ણોદ્ધાર પછી ઉદ્‌ઘાટન કર્યું-૧૯૫૧
  - જે કૃષ્ણમૂર્તિની જન્મ જયંતી - ૧૯૨૫
  - મૃણાલિની સારાભાઈની જન્મ જયંતી - ૧૯૨૫
- **૧૨ મે :**
  - ઓર્ડર ઓફ મેરિટનો ખિતાબ મેળવનાર ઈંગ્લેન્ડની વિશ્વ સેવિકા (નર્સ) ફ્લોરેન્સ નાઈટેંગલનો જન્મદિવસ - ૧૮૨૦
  - રાજપૂત રાવ જોધાએ જોધપુર શહેરની સ્થાપના કરી (૧૪૫૯)
  - મોગલો વિરુદ્ધ લડાઈ લડનાર શિવાજી મહારાજ આગ્રા પહોંચ્યા - ૧૯૬૬
  - રશિયાનું અંતરિક્ષ યાન લ્યુનાર-૫ ચંદ્રની ધરતી પર દુર્ઘટનાગ્રસ્ત થયું - ૧૯૬૫
- **૧૩ મે :**
  - મેલેરિયાના તાવના મચ્છરોના શોધક રોનાલ્ડ રોસનો જન્મદિવસ - ૧૮૫૭
  - ટીપુ સુલતાન અને લોર્ટ કોર્નવોલિસ વચ્ચે યુદ્ધ થયું - ૧૭૯૧
  - સ્વતંત્રત ભારતની પ્રથમ સંસદનું અધિવેશન શરૂ થયું - ૧૯૫૨
  - એસ રાધાકૃષ્ણન ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા - ૧૯૬૨
- **૧૪ મે :**
  - ગુજરાતના પ્રથમ રાજ્યપાલ મહેંદી નવાઝ જંગનો જન્મદિવસ - ૧૮૯૪
  - ઓલિમ્પિક રમતોએ પ્રથમ વખત મહિલાઓને ભાગ લેવા મંજૂરી આપી - ૧૯૦૦
  - કુવૈત સંયુક્ત રાષ્ટ્રસંઘનો ૧૧૧મો સભ્ય દેશ બન્યો - ૧૯૬૩
  - અમેરિકાની ફ્લોરન્સ એલન પુરુષને ફાંસીની સજા આપનાર પ્રથમ મહિલા જજ બની -૧૯૨૧
- **૧૫ મે : આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ**
  - બરફના વાઘ તરીકે જાણીતા એવરેસ્ટના સફળ આરોહક તેનસિંહ નોર્કેનો જન્મ - ૧૯૧૪
  - બંગભંગ ચળવળના છેલ્લા ક્રાંતિવીર ત્રિલોકનાથ ચક્રવર્તીનો જન્મદિન - ૧૮૮૯
  - બોલીવૂડની ધક ધક ગર્લ માધુરી દિક્ષીતનો જન્મદિન - ૧૯૬૮
- **૧૬ મે :**
  - અંબુભાઈ પુરાણીનો જન્મદિન - ૧૮૯૪
  - જેમ્સ બોન્ડ તરીકે અભિનય આપનાર પિયર્સ બ્રોસનનનો જન્મદિન - ૧૯૬૧
  - સિક્કિમ-૨૨મું રાજ્ય બન્યું - ૧૯૭૫
  - એકેડેમી એવોર્ડની શરૂઆત થઈ - ૧૯૨૯

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલે : ભારતમાં ટેકનોલોજી દિવસ કઈ તારીખે ઉજવાય છે ?**

**જવાબ : ૧૧મી મેના દિવસે**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મુળજીભાઈ પરમાર 'દધિ', સૅક્ટર-૬ (૨) ઋજિત રાવલ, સૅક્ટર-૭ (૩) હાર્દિક મકવાણા, સૅક્ટર-૨૪ (૪) નટુભાઈ દરજી, પેથાપુર (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)


**કયા વડાપ્રધાનના માર્ગદર્શન નીચે પોખરણ ખાતે પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સૅક્ટર-૮ ગાંધીનગર

# આજે આ પ્રશ્નપુરાણ કેમ કાઢ્યું ?





હળવે હૈયે
પ્રકાશ લાલા

વિરામ ચિહ્નો... પંક્ચ્યુએશન માર્ક્સ.... શાળામાં ગુજરાતી ભાષા ભણતાં પૂર્ણવિરામ, અર્ધવિરામ, અલ્પવિરામ, આશ્ચર્ય, પ્રશ્ન વગેરે વિરામ ચિહ્નો વિશે સૌની જેમ અમે પણ ભણ્યા હતા. ત્યારથી જઅમારું મનગમતું વિરામ ચિહ્ન રહ્યું છે પ્રશ્ન ચિહ્ન.

કેમ પ્રશ્નાર્થ ચિહ્ન જ પસંદ છે ? પૂર્ણવિરામ, અર્ધવિરામ કેમ નહીં ? એવા એવા પ્રશ્નો પ્રશ્નાર્થ ચિહ્ન વિશે કોઈ જરૂર કરી શકે છે. તો જવાબ છે, પેલું નાનકડું, નજરમાંય ન આવે એવું પૂર્ણવિરામ, અળસિયા જેવું અર્ધવિરામ ને વિરામ ચિહ્નને બદલે અમને તો ભાઈ ગમે સુંદર વળાંકવાળું નૃત્યની ભંગિમા કરતું હોય એમ ઊભેલું - ઊડીને આંખો વળગે એવું આ પ્રશ્નાર્થ ચિહ્ન ને એટલે જ અમારું ગમતું વિરામ ચિહ્ન છે એ !

પ્રશ્ન ચિહ્ન ગમે છે પણ પ્રશ્નાર્થત ચિહ્ન પૂર્વે મુકાતા પ્રશ્નો જરાય નથી ગમતા. અમને શું ? પ્રશ્નો તો કોઈનેય ના જ ગમે. સરળ, સીધા ચાલતા જીવનમાં આ પ્રશ્નો સ્પીડબ્રેકર જેવા નથી હોતા ? જીવનગાડી રૂટિનમાં ચાલતી હોય ત્યાં કોઈ પ્રશ્ન આવે એટલે રૂટિન ખોરવાય એવું નથી બનતું ?

નાનપણમાં શિક્ષક દ્વારા કે પરીક્ષાના પેપરમાં પૂછાતા પ્રશ્નો અમને પજવતા હતા. એપ છી સાંસારિક જીવનમાં તો પ્રશ્નો જ કેડો મૂકતા નથી. સવારના પહોરમાં 'હવે ઉઠશો કે આજે ઘોરવાનો જ પ્રોગ્રામ છે ?... કેટલાં કામ પડ્યાં છે એ કોણ કરશે ?' એવા ગનમાંથી ગોળીની જેમ પૂછાતા ને વિંધતા શ્રીમતીજીના પ્રશ્નોનો સૌને અનુભવ છે જ. સાંજે ઓફિસેથી આવતાંવેંત જ સંતાનો દ્વારા 'મારી બુક લાવ્યા, પપ્પા ? આજે પણ ભૂલી ગયાને ? પપ્પા સર્કસ જોવા ક્યારે લઈ જશો?' વગેરે પ્રશ્નોનો મારો અધમૂવા કરી નાખે છે.

જમવાનું શું બનાવું ?
રોટલી ને શાક.
શાક શેનું બનાવું ?
દાળભાત બનાવી નાખ.
દાળ શેની બનાવવી છે ? તુવેર-મગ કે અડદની ?
એમ સવારમાં જ બધી ગૃહિણીઓને પજવતા પ્રશ્નો છે.

ઓફિસમાં બૉસ પ્રશ્નો કરી કરીને થકવી દે તો પંચાતિયા પાડાશાઆના 'કાલ રાવવાર ઘર નહોતા ? ક્યાં ફરી આવ્યા ? રાત્રે મોડે સુધી લાઈટો ચાલુ હતી તે બધું ઓકે હતું ને ? પરમ દિવસે કોણ મહેમાન હતા ?' જેવા પ્રશ્નો મગજ ફેરવી નાખતા હોય છે.

પિક્ચર જોવા જવું હોય તો કયું પિક્ચર જોવું ? અને ફરવા જવું છે તો ક્યાં જઈશું ? જેવા મીઠી મૂંઝવણભર્યા પ્રશ્નો પણ આખરે પ્રશ્નો જ છે ને ?

આ ઉપરાંત ઈલેક્ટ્રીક બિલ, ગેસ બિલ ભરવા ટાઈમ કાઢવાનો પ્રશ્ન, નોકરી ના મળી તો પ્રશ્ન, મળી તો પગાર કમ કમાણીનો પ્રશ્ન, એમ ઘણાઘણા, જાતજાતના પ્રશ્નો સામે ઝીંક ઝીલવાની હોય છે. ડગલે ને પગલે સામનો કરવો પડે છે પ્રશ્નોનો. જોકે જીવન એટલે પ્રશ્નો ને પ્રશ્નો એટલે જ જીવન એમ કહી મનને મનાવવું પડે છે.

પણ પ્રશ્ન થાય કે પ્રશ્ન નથી ગમતો તો એના પૂંછડા જેવું પ્રશ્નાર્થ ચિહ્ન શું કામ ગમાડવું ? ને તમેય પ્રશ્ન કરશો જ કે આજે આ પ્રશ્નપુરાણ કેમ કાઢ્યું ?